પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૧૯ | ૧ ફેબ્રુઆરી, ૨૦૨૦, શનિવાર; મહા સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આશા-અપેક્ષાઓ વચ્ચે આજે બજેટ

**કરમુક્ત આવકની મર્યાદા વધારાય તેવી સંભાવના : રોજગાર પર ધ્યાન અપાશે : જુદા જુદા ક્ષેત્રો દ્વારા કરાયેલી માંગ બાદ કોને શું મળશે તેને લઇ સસ્પેન્સ પડકારરૂપ બજેટમાં મધ્યમ વર્ગ માટે ટેક્સ રાહત તેમજ કૃષિ કટોકટી સંદર્ભે પગલાઓ જાહેર થશે : કૃષિ, આરોગ્ય, ઉદ્યોગ જેવા ક્ષેત્રો માટે પગલા લેવાશે**



નવીદિલ્હી,તા. ૩૧

દેશના તમામ વર્ગના લોકોની જોરદાર અપેક્ષા અને આશા વચ્ચે આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર તેનુ સામાન્ય બજેટ રજૂ કરવા જઇ રહી છે. લોકસભાની ચૂંટણીમાં મોદી મેજિક વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ ઈતિહાસ રચીને જોરદાર સફળતા મેળવી લીધા બાદ બજેટને લઈને તમામ લોકોની નજર બજેટ પર કેન્દ્રિત થઈ ગઈ છે. નાણાંપ્રધાન નિર્મલા સીતારામન પહેલી ફેબ્રુઆરીના દિવસે વર્ષ ૨૦૨૦-૨૧ માટે સામાન્ય બજેટ રજૂ કરનાર છે. માનવામાં આવે છે કે આ બજેટ એક દશકમાં સૌથી પડકારરૂપ બજેટ છે. અર્થવ્યવસ્થા ભારે મંદીમાં છે. જેનો મુશ્કેલ સ્થિતીમાંથી બહાર કાઢવા માટે ઉપાય શોધવાની બાબત પણ મુશ્કેલરૂપ દેખાઇ રહી છે. આ નાણાંકીય વર્ષમાં કુલ આવકમાં બે લાખ કરોડ રૂપિયા ઓછા રહે તેવી શક્યતા છે. જ્યારે અર્થવ્યવસ્થાના તમામ આંકડા સુસ્તી તરફ ઈશારો કરી રહ્યા છે અને જીડીપી વિકાસ

● અનુસંધાન પાન-૭ પર

# રેલવે બજેટમાં હાઈ સ્પીડ ટ્રેન કેન્દ્રમાં હશે

**રેલવે બજેટ પણ રજૂ કરવામાં આવશે : નવી લાઇન, ડબલિંગ સ્ટેશનોના રિડેવલપમેન્ટ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવી શકે : યાત્રીઓની સુવિધા માટે નવી ઝડપી ટ્રેનની જાહેરાત થઇ શકે છે**

નવીદિલ્હી, તા. ૩૧

સામાન્ય બજેટની સાથે મર્જ કરવામાં આવ્યા બાદ આવતીકાલે સામાન્ય બજેટની સાથે જ નાણાંપ્રધાન નિર્મલા સીતારામન રેલવે બજેટ પણ રજૂ કરનાર છે. રેલવે બજેટનો હિસ્સો પણ તેઓ વાંચનાર છે. રેલ્વે યાઓને વધુને વધુ સુવિધા આપવાની બાબતને બજેટમાં સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી શકે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં રેલવેની સેવામાં ઉલ્લેખનીય વધારો થયો છે. હાલમાં આર્થિક સુસ્તી પ્રવર્તી રહી છે ત્યારે રેલવે માટે કેવા પગલા જાહેર કરવામાં આવે છે તે પણ મહત્વની બાબત રહેલી છે. રેલવેની ગતિ વધારી દેવા પર હાલમાં ભાર મુકવામાં આવી રહ્યો છે. સ્ટેશન પર યાત્રી સુવિધા વધારી દેવામાં આવી રહી છે. નાણાંપ્રધાન ભારતીય રેલવેને પણ વધારે યાત્રીલક્ષી બનાવવા માટેની જાહેરાત કરી શકે છે. સીતારામન બજેટ રજૂ કરતી વેળા હાઈ સ્પીડ સ્ટ્રેન અને વધારે ઝડપી, સુરક્ષિત અને આધુનિક ટ્રેન સેવા યાત્રીઓને ઉપલબ્ધ કરાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

# ‘૨૦૨૦-૨૧માં જીડીપી ગ્રોથ ૬થી ૬.૫ ટકા રહેશે : નિર્મલા સીતારમણ

**યુનો સહિત રેટીંગ એજન્સીઓ ભારતની આર્થિક મંદી અંગે ચિંતિત છે ત્યારે નવી આશા ઝગમગાઇ, આ વર્ષનો આર્થિક સર્વે મુખ્ય આર્થિક સલાહકાર કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યમે તૈયાર કર્યો**

ન્યુ દિલ્હી,તા.૩૧

સંયુક્ત રાષ્ટ્ર સંઘ(યુનો) સહિત જાણીતી આર્થિક બાબતોમાં રેટીંગ આપતી એજન્સીઓએ ભારતની વર્તમાન આર્થિક સ્થિતિ અંગે ચિંતાની લાગણી વ્યક્ત કરી છે ત્યારે એનડીએ સરકારના નાણામંત્રી નિર્મલા સિતારામનને સંસદમાં બજેટ પૂર્વે રજૂ કરેલા આર્થિક સર્વે-૨૦૨૦ અહેવાલમાં દાવો કર્યો હતો કે નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતનો વિકાસ દર ૬ ટકાથી લઈને ૬.૫ ટકા રહેવાનું અનુમાન છે. નરેન્દ્ર મોદી સરકાર ૨.૦નો આ બીજો આર્થિક સર્વે છે. નાણામંત્રી આજે એક ફેબ્રુઆરીએ સામાન્ય બજેટ રજૂ કરશે. જેમાં રેલવે બજેટનો પણ સમાવેશ થાય છે. આર્થિક સર્વે અહેવાલ રજૂ થયા બાદ સંસદની આજની બેઠક કાલે શનિવાર સવારે ૧૧ વાગ્યા સુધી માટે સ્થગિત કરી દેવામાં આવી હતી. નોંધનીય છે કે આજે શનિવાર છતાં શેરબજાર કામકાજ માટે ચાલુ રહેવાનું છે.

સંસદમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અભિભાષણ બાદ દેશના નાણામંત્રી નિર્મલા સીતારામણે સંદનમાં આર્થિક સર્વે- ૨૦૨૦રજૂ કર્યો હતો આ વર્ષના આર્થિક સર્વેમાં વર્ષ



૨૦૨૦-૨૧ માટે વિકાસ દર ૬થી ૬.૫ ટકા રહેવાનુ અનુમાન વ્યક્ત કરવામાં આવ્યુ છે. ગત નાણાકીય વર્ષ દરમિયાન જીડીપી ૬.૮ ટકા રહ્યો હતો.

સર્વેમાં કહેવામાં આવ્યું કે ડુંગળી જેવી કોમોડિટીની કિંમતોમાં સ્થિરતા લાવવા માટે સરકારના ઉપાયો પ્રભાવી સાબિત થઈ રહ્યાં

● અનુસંધાન પાન-૭ પર

# નિર્ભયાના દોષિતોને આજે પણ ફાંસી નહિ અપાય

**દોષિતો માટેનો તૈયાર કરાયેલો ફાંસીનો ફંદો સમગ્ર કાનૂની દાવપેચમાં ફસાયો...! : બીજો હુકમ ના થાય ત્યાં સુધી દોષિતોને ફાંસી નહીં, સુનાવણી ચાલી રહી છે : પટિયાલાહાઉસ કોર્ટનો આદેશ**

નવીદિલ્હી, તા.

નિર્ભયાના ગુનેગારોને ફાંસી આપવા માટેની નિશ્ચિત તારીખ ફરી એક વાર મુલતવી રાખવામાં આવી છે. હવે તેને ૧ ફેબ્રુઆરીના રોજ ફાંસી આપવામાં આવશે નહીં. પટિયાલા હાઉસ કોર્ટે આગળના આદેશો સુધી અમલ પર રોક લગાવી છે. સુનાવણી દરમિયાન તિહાડ જેલએ કોર્ટને કહ્યું છે કે જો ઈચ્છિત હોય તો ૩ દોષીઓને ફાંસી આપી શકાય છે. બીજી તરફ, નિર્ભયાની માતા વતી હાજર રહેલા વકીલે દલીલ કરી હતી કે દોષિતો ફાંસી ન પડે તે માટે યુક્તિઓનો ઉપયોગ કરી રહ્યા છે. ઈરફાન અહેમદ કોર્ટમાં તિહાડ જેલ વતી હાજર થયો. તેમણે કહ્યું કે હાલમાં વિનય શર્માની દયા અરજી બાકી છે. બાકીના ત્રણને ફાંસી આપવામાં આવી શકે છે. તેમણે કહ્યું કે આમાં કંઈપણ ગેરકાયદેસર નથી. મુકેશની દયા અરજી રાષ્ટ્રપતિ દ્વારા નામંજૂર કરવામાં આવી છે અને તેમની પાસે કોઈ વિકલ્પ બાકી નથી. અદાલતમાં અક્ષયના વકીલે કહ્યું છે કે તેમના અસીલની ઉપચારાત્મક અરજી ફગાવી દેવામાં આવી છે અને તે આ કેસમાં દયાની અરજી દાખલ કરવા માંગે છે. આજની સુનાવણીમાં વિનયની અરજી હાઈકોર્ટમાં પેન્ડિંગ હોવાનું દલીલ કરવામાં આવી છે. તેનો અર્થ એ કે, જો તમે સરળ શબ્દોમાં સમજો છો, તો હવે ત્રણ દોષિતો પાસે કાનૂની વિકલ્પો બાકી છે. સુપ્રીમ કોર્ટે શુક્રવારે પવન ગુપ્તાની પુનર્વિચાર અરજીને ફગાવી દીધી હતી જેમાં તેણે સગીર હોવાનો દાવો કર્યો હતો. પવન ગુપ્તાએ કરેલી સમીક્ષાની અરજી પર સુનાવણી કરતાં ન્યાયાધીશ આર. ભાનુમતી, ન્યાયાધીશ અશોક ભૂષણ અને ન્યાયાધીશ એકેએસ બોપન્નાની ખંડપીઠે ચેમ્બરમાં કર્યું હતું.

# સીએએ કાયદાથી મારી સરકારે ગાંધીજીનું સ્વપ્ન પરિપૂર્ણ કર્યું છે : રામનાથ કોવિંદ

**રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પ્રથમ દિવસે અભિભાષણ આપ્યુ : હિંસાત્મક વિરોધ દેશ અને સમાજને નબળો બનાવે છે : સીએએના વિરોધીઓને રાષ્ટ્રપતિની સલાહ, વિપક્ષ દ્વારા વિરોધ થતાં સંબોધનમાં બે વાર વિક્ષેપ સર્જાયો : ખેલો ઇન્ડિયાના દ્વારા પ્રતિભાશાળી યુવાનની ઓળખ થઇ છે : હજની સમગ્ર પ્રક્રિયા ડિજિટલ-ઓનલાઇન**

નવી દિલ્હી,તા. ૩૧

સંસદના બજેટ સત્રની આજે વિધિવત શરૂઆત થઈ હતી. રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દના ભાષણની સાથે આની શરૂઆત થઇ હતી. કોવિન્દે તેમના સંબોધનમાં તમામ મુદ્દા પર વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે તેમની સરકાર સબકા સાથ સબકા વિકાસ અને સબકા વિશ્વાસના આદર્શ પર ચાલી રહી છે. ૨૧મી સદીના ત્રીજા દશકના પ્રારંભમાં સંસદના સંયુક્ત સત્રને સંબોધન કરીને તેમને ખાસ ખુશી થઇ રહી છે. તેઓ ફરી એકવાર નવા વર્ષની શુભકામનાની સાથે તમામ



સાંસદોને આ ઐતિહાસિક અવસરના સાક્ષી બનવા બદલ શુભેચ્છા પાઠવે છે. સાથે સાથે તમામ સાંસદોને આ ઐતિહાસિક અવસર પર સાક્ષી બનવા માટે શુભેચ્છા પાઠવે છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે સુપ્રીમ કોર્ટમાં રામજન્મભૂમિ પર ચુકાદો આવ્યા બાદ પ્રજાએ જે રીતે પરિપક્વત્તા દર્શાવી હતી તે પ્રશંસાપાત્ર છે. આ લોકસભાના પ્રથમ સત્ર દરમિયાન ઉલ્લેખનીય કામગીરી થઈ હતી જેના કારણે છેલ્લા કેટલાક વર્ષોના રેકોર્ડ તુટી ગયા છે. મહિલાઓને ન્યાય આપનાર ત્રિપલ તલાક કાનુન, ચિટ ફંડ સુધારા કાનુન અને અન્ય ઉપયોગી બિલ પાસ કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિએકહ્યુ હતુ કે તેમની સરકારે દરેક ધર્મનાગરીબ લોકો સુધી તમામ જરૂરી સુવિધા પહોંચાડી છે. ખેલો ઇન્ડિયા અભિયાન અને ઓલિમ્પિક પોડિયમ સહિત કેટલાક અભિયાનના પરિણામસ્વરૂપે પ્રતિભાશાળી યુવાનોની ઓળખ થઇ રહી છે. યુવાનો આગળ આવી રહ્યા છે અને તેમના શાનદાર દેખાવ કરી રહ્યા છે. તેમણે કહ્યુ હતુ કે ૨૧મી સદીને જ્ઞાનની સદી તરીકે કહેવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

# હથિયારો ભરેલી ટ્રક લઈને જઇ રહેલા ત્રણ આતંકવાદી ઠાર

**પોલીસે ટ્રક કબજે કર્યો, હાઇવે બંધ કરાયો, સીઆરપીએફનો એક જવાન ઇજાગ્રસ્ત**

શ્રીનગર,તા.૩૧

જમ્મુ કશ્મીર હાઈવે પર હથિયારો ભરેલી ટ્રક લઈને જઇ રહેલા આતંકવાદીઓએ સીઆરપીએફ પોસ્ટ પાસે સિક્યોરિટી પર ગોળીબાર કરતાં સિક્યોરિટીએ કરેલા વળતા ગોળીબારમાં ત્રણ આતંકવાદી ઠાર થયા હતા. સીઆરપીએફનો એક જવાન પણ ઈજા પામ્યો હતો.

આ આતંકવાદીઓ ટ્રકમાં છૂપાઈને કશ્મીર ખીણ વિસ્તારમાં મોટો હુમલો કરવાના હોવાની બાતમી મળી હતી. જમ્મુ કશ્મીરમાં ઘુસવાના એમના પ્રયાસને સિક્યોરિટીએ નિષ્ફળ બનાવ્યો હતો અને ખાસ્સી મોટી સંખ્યામાં હથિયારો જપ્ત કર્યા હતા.

હાલ આસપાસના વિસ્તારોમાં પણ સર્ચ ઓપરેશન ચાલુ છે અને બીજા આતંકવાદી આસપાસમાં છૂપાયો હોય તો તેમને પણ જેર કરવાની સિક્યોરિટીની યોજના હતી.સિક્યોરિટીએ પૂરો વિસ્તાર ઘેરી લીધો હતો અને કામચલાઉ રીતે હાઈ વે પરના ટ્રાફિકને રોકી દીધો હતો.

પોલીસ પ્રવક્તાએ કહ્યું હતું કે જમ્મુ-કશ્મીર હાઈ વે પર એક ટોલ પ્લાઝા પર શ્રીગર તરફ જઈ રહેલા ટ્રકને રોકવામા આવતાં ટ્રકમાં છૂપાયેલા આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો તેથી સિક્યોરિટી દળ તરત સાબદું થઈ ગયું હતું. એ લોકો ટ્રકમાં ચૂપચાપ પડ્યા રહ્યા હોત તો ઈતિહાસ કદાચ જુદો હોત. પરંતુ તેમણે ઉતાવળે ગોળીબાર કર્યો એમાં ઓળખાઈ ગયા અને સિક્યોરિટીએ વળતો ગોળીબાર કરીને એ લોકોને ઠાર કર્યા. આ લખાઈ રહ્યું હતું ત્યારે પણ એન્કાઉન્ટર ચાલુ હતું.

# મોદીજી ભારતના અને મારા પણ પીએમ : કેજરીવાલ

ન્યુ દિલ્હી,તા.૩૧

દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલા પાકિસ્તાનના સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી ચૌધરી ફવાદ હુસેને મોદીને આ ચૂંટણીમાં હરાવવાની અપીલ કરતુ વિવાદાસ્પદ નિવેદન આપ્યુ છે.

ટ્વિટર પર આ નિવેદન સામે લોકોના આકરા પ્રત્યાઘાત જોઈને દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે ફવાદ ચૌધરીને જવાબ આપતા કહ્યુ હતુ કે, મોદીજી ભારતના અને મારા પણ પીએમ છે. દિલ્હીની ચૂંટણી ભારતનો આંતરિક મામલો છે.

Accountant જોઈએ છે.
ગાંધીનગર સ્થિત
પ્રતિષ્ઠીત ફેક્ટરી માટે
Tally અને MS. Office
ના જાણકાર
૨ વર્ષના અનુભવી Accountant
M.8460053334

# WHOએ કોરોના વાયરસને લઈને ગ્લોબલ ઈમરજન્સી જાહેર કરી

ન્યુ દિલ્હી,તા.૩૧

ચીનમાંથી ઉદ્દભવેલો કોરોના વાયરસ હવે દુનિયાભરમાં ફેલાઈને હાહાકાર મચાવી રહ્યો છે. ત્યારે હવે કોરોના વાયરસને લઈને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને આંતરરાષ્ટ્રીય કટોકટી જાહેર કરી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની આંતરરાષ્ટ્રીય સ્વાસ્થ્ય નિયમન સમિતિની બેઠકમાં આ મામલે ચર્ચા હાથ ધરાઇ. જે બાદ કોરોના વાયરસને ઈન્ટરનેશનલ ઈમરજન્સી જાહેર કરવામાં આવી.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના સીઈઓ ટેડ્રોસ અદનોમે ટ્વીટ કરી જણાયું કે હું કોરોના વાયરસને આંતરરાષ્ટ્રીય સંકટ તેમજ ચિંતા ગણી તેને એક સાર્વજનિક હેલ્થ ઈમરજન્સી જાહેર કરું છું. તેમણે કહ્યું કે હાલમાં વાયરસને કારણે ચીનમાં જે સ્થિતિ ઉદ્દભવી છે તેના કારણે નહીં પરંતુ આ વાયરસ હવે અન્ય દેશોમાં પણ પ્રસરી રહ્યો હોવાથી હું આ ઈમરજન્સીની જાહેરાત કરું છું. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને જણાવ્યું કે દુનિયાભરમાં કોરોના વાયરસના ૮ હજારથી વધુ સંક્રમિત દર્દીઓ છે. જેથી કોરોના વાયરસને વૈશ્વિક કટોકટી જાહેર કરવો જોઈએ.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

સુર્વણ તક
ફ્રી સરકાર માન્ય
Hotel Management
નો કોર્ષ કરો અને
નોકરી મેળવો
Limited Seats Only
for Kalol Center
PATH MAKER EDUCATION AND TRAINING LLP
સંપર્ક : 99985 32330

• Anti-Rabies Vaccination
• Deworming Drive
• Sample of Pet Food



Pet Health Check-Up Camp
2nd Feb. 2020
Time : 9 am to 1 pm
vihaan Pet Clinic
Taking good care of your best friend
For Registration : 7777 99 2575
GF 3 & 4, Kanam Residency-1, Opp. Shivalay Parisar,
Kudasan, Gandhinagar-382421

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧